# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

**Tax Today (Monthly)**

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૪, ◆ અંકઃ ૦૪, ◆ સળંગ અંકઃ ૩૯, ◆ તા.૧૮/૦૧/૨૦૨૦, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૧૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

## ટેક્ષ ટુડે તંત્રી સ્થાનેથી...



Happy 2020 to all my readers.. મિત્રો, ૨૦૧૯નું સાલ પુર્ણ કરી હવે ૨૦૨૦માં પ્રવેશ કરી ચૂક્યા છે. ૨૦૧૯માં ઘણા સારા નરસા પ્રસંગોએ આપણને વધુ મજબૂત, વધુ અનુભવી અને વધુ સમૃદ્ધ કર્યા છે. Osho કહે છે.... Experience life in all possible ways- good-bad, bitter-sweet, dark-light, summer-winter.. Experience all the dualities. Don't be afraid of experience because more experience you have, the more mature you become હું છેલ્લા ૫ વર્ષ થી ઓશો ને 'ફોલો' કરું છું. ત્યારથી જીવન માં ઘણા ફેરફાર આવ્યા છે, હા ફેરફાર એવા કે જે **અમુક ફેરફાર** લોકોને ગમે છે, **અમુક ફેરફાર** લોકોને નથી ગમતા, એવા ફેરફાર જે **અમુક લોકો** ને ગમે છે **અમુક લોકો**ને નથી ગમતા.. પણ મને આ તમામ ફેરફાર ગમ્યા છે. હું માનું છું કે ઓશો જેવા ગુરુ જીવન માં બદલાવ કરી શકે છે. વાચકો ને લાગતું હશે કે હું ટેક્સને સલગ્ન આ ફેરફારોમાં ઓશોને વચ્ચે ક્યાં લાવ્યો??? પણ મને વિચાર આવ્યો કે ઓશો આટલા વર્ષ પહેલા જે ઉપદેશ આપતા હતા તે શું ભારતના GST કાયદા ને જોઈ ને આપતા હશે???? હવે જી.એસ.ટી.ના પરિપેક્ષમાં ઉપરના વિધાનો વાંચો!!! અને પછી કહો હું ટેક્સ સિવાયની વાત કરું છું કે ટેક્સને સલગ્ન...

'ટેક્સ ટુડે'ની સફર ૨૦૧૬ ના સપ્ટેમ્બર માં શરૂ થઈ. આજે ૩ વર્ષથી વધુ સમય પસાર થયો છે. આ તકે મને હમેશા સપોર્ટ કરનાર મારા ટેક્સ વ્યવસાય સાથે જોડાયેલ વડીલોનો ખાસ આભાર. મારા સાથી ટેક્સ પ્રેકટીશનર્સ મિત્રો તેઓ હમેશા મને મદદરૂપ બન્યા છે, 'ટેક્સ ટુડે' માનદ એકસપર્ટ્સ એવા CA મોનીષભાઈ શાહ, અમદાવાદ એડવોકેટ લલિતભાઈ ગણાત્રા, જેતપુર તથા CA દિવ્યેશભાઈ સોઢા, પોરબંદર કે જેઓ દર અઠવાડિયે વાચકોના પ્રશ્નના જવાબ આપવા મહેનત કરે છે, 'ટેક્સ ટુડે'ના તમામ રિપોટર્સ કે જેઓની મહેનતથી 'ટેક્સ ટુડે' વાચકોમાં પ્રચલિત થઈ રહ્યું છે... અને Last but not at all the least... અમારા વાંચકો કે જેમના સહકાર વગર 'ટેક્સ ટુડે' શક્ય નથી... તેવા સૌ વાચકો નો ખૂબ ખૂબ આભાર. આપ સૌનો ખૂબ સહકાર ભૂતકાળમાં મળેલ છે. આવોજ સહકાર ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી અપેક્ષા.

**– ભવ્ય પોપટ (એડિટર)**

(ટેક્સ ટુડે મેળવવા આપ આપના શહેરના અમારા રિપોર્ટ્સનો સંપર્ક કરી શકો છો)
(હાર્ડ કોપીમાં અખબાર મેળવવા વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦+ કુરિયર ચાર્જ ૧૦૦ વાર્ષિક લવાજમ એપ્રિલ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧નું ગણાશે.)

## આ મહીને કરવાના કાર્યો

-: GST :-

| આ મહીને કરવાના કર્યો | છેલ્ી તારીખ | છેલ્ી તારીખ પછી વ્યાજ / દંડ વી. |
|---|---|---|
| ડિસેમ્બર મહિનાનું GSTR 1 | ૧૧ જાન્યુઆરી | રોજ ૫૦ રૂા. ની લેઈટ ફી |
| ડિસેમ્બર મહિનાનું GSTR 3B | ૨૦ જાન્યુઆરી | રોજ ૫૦ રૂા. ની લેઈટ ફી મોડા વેરા ઉપર ૧.૫ % વ્યાજ |
| જાન્યુઆરી મહિનાનું GSTR 1 | ૧૧ ફેબ્રુઆરી | રોજ ૫૦ રૂા.ની લેઈટ ફી |
| જાન્યઆુરી મહિનાનું GSTR 3B | ૨૦ ફેબ્રુઆરી | રોજ ૫૦ રૂા.ની લેઈટ ફી મોડા વેરા ઉપર ૧.૫ % વ્યાજ |
| જીએસટીનું વાર્ષિક રીટર્ન | ૩૧ જાન્યુઆરી | રોજ ૨૦૦ રૂા. લેઈટ ફી, વધુમાં વધુ |
| | | ટર્નઓવરના ૦.૫૦% ટકા. |
| જીએસટી હેઠળનું ઓડિટ | ૩૧ જાન્યુઆરી | |
| ઓક્ટોબરથી ડિસેમ્બર કમ્પોઝીશન (લમસમ) વેરો ભરવાની પરમીશન મેળવેલ વેપારીએ ભરવાનો વેરો તથા ભરવાનું CNP08 | ૧૮ જાન્યુઆરી | મોડા વેરા ઉપર ૧.૫% વ્યાજ |
| ઓક્ટોબરથી ડિસેમ્બર GSTR 1 (જેમનું વેચાણ ૧.૫ કરોડથી ઓછુ હોઈ તેમના માટે) | ૩૧ જાન્યુઆરી | રોજ ૫૦ રૂા.ની લેઈટ ફી |

-: ઈન્કમ ટેક્ષઃ-

| આ મહીને કરવાના કર્યો | છેલ્લી તારીખ | છેલ્લી તારીખ પછી વ્યાજ/દંડ વી. |
|---|---|---|
| ડિસેમ્બર ૨૦૧૯નો TDS | ૭ જાન્યુઆરી | ૧.૫% વ્યાજ |
| જાન્યુઆરી ૨૦૨૦નો TDS | ૭ ફેબ્રુઆરી | ૧.૫% વ્યાજ |
| ઓક્ટોબરથી ડિસેમ્બરનું TDS રીટર્ન | ૩૧ જાન્યુઆરી | રોજ ૨૦૦ રૂા.ની લેઈટ ફી |
| ૨૦૧૮-૧૯ના વર્ષનું ઈન્કમટેક્ષ રીટર્ન ભરવાની છેલ્લી તારીખ | ૩૧ માર્ચ | ત્યારબાદ રીટર્ન ભરી શકાશે નહીં. |

## ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટીશનર્સ-વેસ્ટ ઝોનના હોદેદારો નિમાયાઃ એડવોકેટ, CA તથા ટેક્સ પ્રેકટીશનરને મેમ્બર થવા ખાસ અપીલ

તા. ૨૩/૧૨/૨૦૧૯: ટેક્સ પ્રેક્ટિસ સાથે જોડાયેલા એડવોકેટ, CA તથા ટેક્સ પ્રેકટીશનર્સ ના ભારતના સૌથી મોટા એશોશીએશન એવા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટીશનર્સ ના વેસ્ટ ઝોનના હોદેદારોની નિમણૂંક કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે પ્રમુખ તરીકે બરોડાના વરીષ્ઠ એડવોકેટ ભાષ્કર પટેલ ની નિમણૂક મુંબઈ ખાતેની પ્રથમ કારોબારી મિટિંગ માં કરવામાં આવેલ હતી. બરોડાની હોટેલ સૂર્યા ખાતે, તા. ૨૧ ડિસેમ્બરના રોજ યોજાયેલ બીજી કારોબારી મિટિંગમાં વેસ્ટ ઝોન ના અન્ય હોદેદારોની નિમણૂંક કરવામાં આવેલ છે. આ મિટિંગમાં નેશનલ પ્રેસીડંટ નિકિતા બધેકા તથા ભરત સ્વામી સહિત ના રાષ્ટ્રીય કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. (અનુસંધાન બીજા પાને)

## ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટીશનર્સ દ્વારા ૨૨માં નેશનલ કન્વેન્શનનું મુંબઈ ખાતે આયોજન




મુંબઈ તાઃ ૧૭ ડિસેમ્બર ૨૦૧૯: મુંબઈની સહારા સ્ટાર હોટેલ ખાતે ૧૪ તથા ૧૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ ના ૨૨ માં નેશનલ કન્વેન્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કન્વેન્શનમાં મુખ્ય અતિથિ તરીકે મુંબઈ હાઇકોર્ટના જજ શ્રી ઉજ્જ્લ ભૂયાન હાજર રહ્યા હતા. આ કન્વેન્શનમાં ઈન્કમ ટેક્સ દ્વારા શરૂ કરવામાં આવેલ ઇ-એસેસમેન્ટ ઉપર અમદાવાદના વરિષ્ઠ એડવોકેટ મુકેશ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ વિષયો ઉપર વિવિધ તજજ્ઞો દ્વારા વકતાવ્યો આપવામાં આવ્યા હતા. આ કન્વેન્શનમાં સમગ્ર દેશમાંથી ૪૫૦ જેટલા ડેલિગેટ્સ એ ભાગ લીધો હતો.

ઓલ ઈન્ડિયા ફેડરેશન એ એડવોકેટ, CA અને ટેક્સ પ્રેકટિશનરોના સૌથી મોટા એશોશીએશનમાનું એક છે. આ કન્વેન્શનમાં એશોશીએશનની રાષ્ટ્રીય કારોબારીની ચૂટણી કરવામાં આવેલ હતી. એશોશીએશનના પ્રમુખ તરીકે મુંબઈના એડવોકેટ નિકિતા બધેકાની નિમણૂંક કરવામાં આવેલ છે. ગુજરાતના વરિષ્ઠ કરવેરા સલાહકાર સમીર જાની, જુનાગઢની એશોશીએશનના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. આ ઉપરાંત વડોદરાના ભરત સ્વામી તથા અમદાવાદના ગૌરી ચંદનાની પોપટ રાષ્ટ્રીય કારોબારીમાં ચુંટાઇ ને આવ્યા છે.

# શું આપ GST કાયદા હેઠળ નોંધાયેલ વેપારી છો ?જો હા અને આપના ધંધાનું ૧૭-૧૮ અને ૧૮-૧૯નું turnover 2 કરોડથી ઓછું હોવાથી આપ વાર્ષિક રીટર્ન ફાઈલ નથી કરવાના? જો, ના તો આ હકીકત ધ્યાને લેવી જરૂરી છે

જી.એસ.ટી વાર્ષિક રીટર્ન વર્ષ ૧૭-૧૮નું file કરવાની લાસ્ટ ડેટ ૩૧-૧૨-૧૯ છે - ૨ કરોડથી વધુ turnover હોય તેઓએ GST ઓડીટ કરાવવાની લાસ્ટ ડેટ ૩૧-૧૨-૧૯ છે. તા.૧૮-૧૨-૧૯ની GST કાઉન્સિલની મીટીંગમાં આ ડ્યુ ડેટ ૩૧-૦૧-૨૦ સુધી વધારવા જાહેરાત થયેલ છે.

(એડિટર નોંધઃ હાલ RODO ૧૦/૨૦૧૯ દ્વારા ૨૦૧૭-૧૮ના વાર્ષિક રિટર્ન તથા રિકનસીલેશનની મુદત ૩૧-૦૧-૨૦૨૦ સુધી વધારેલ છે.)

જી.એસ.ટી. વાર્ષિક રીટર્ન વર્ષ ૧૮-૧૯નું file કરવાની લાસ્ટ ડેટ ૩૧-૦૩-૨૦ છે. તેમજ વર્ષ ૧૮-૧૯માં ૨ કરોડથી વધુ turnover હોય તેઓ એ GST ઓડીટ કરાવવાની લાસ્ટ ડેટ ૩૧-૦૩-૨૦૨૦ છે.

GSTના નોટીફીકેશન નં.૪૭/૨૦૧૯ મુજબ વાર્ષિક ૨ કરોડથી ઓછા turnover વાળા વેપારી માટે વાર્ષિક રીટર્ન file કરવું OPTIONAL (ઓપ્સનલ) જાહેર કરેલ છે પરંતુ તારીખ ૧૮-૧૧-૧૯ના CBECના સર્ક્યુલર નંબર ૧૨૪/૪૩/૨૦૧૯ GSTમાં એવું પણ ક્લેરીફીકસન જાહેર કરેલ છે કે, વર્ષ ૨૦૧૭-૧૮ તેમજ ૨૦૧૮-૧૯માં ૨ કરોડથી ઓછા turnover વાળા વેપારી ઓ દ્વારા નોટીફીકેશન નંબર ૪૭માં જાહેર કરેલ છૂટછાટ પ્રમાણે જો ડ્યુ ડેટ સુધીમાં એટલેકે વર્ષ ૨૦૧૭-૧૮નું વાર્ષિક રીટર્ન ૩૧-૧૨-૧૯ સુધીમાં અને વર્ષ ૨૦૧૮-૧૯ નું વાર્ષિક રીટર્ન ૩૧-૦૩-૨૦ સુધીમાં file કરવામાં નહિ આવે, તો એવું માની લેવાશે કે તેઓનું વાર્ષિક રીટર્ન તેઓ એ વર્ષ દરમિયાન મંથલી /ક્વાર્ટરલી file કરેલ data મુજબ તેમજ GST પોર્ટલમાં Auto reflect થતા ITCના data મુજબ એટલે કે, Auto Drafted annual detail મુજબ file થઇ ગયેલ છે. અને due date પછી વેપારી વાર્ષિક રીટર્ન file કરવા ઈચ્છશે તો પણ file નહિ થઇ શકે.

ઉક્ત ક્લેરીફીકેશન નો અભ્યાસ કરતા મારું એવું માનવું છે કે, દરેક ટેક્સ પેયર્સ એ/ડીલરે કે જેઓનું turnover 2 કરોડથી ઓછું છે અને નોટીફીકેશન મુજબ વાર્ષિક રીટર્ન file કરવું જરૂરી નથી તેવું માને છે તેઓ એ પણ due date પહેલા તેમના હિસાબી ચોપડા મુજબના actual turnover અને out put tax liabilities - ઈનપુટ ટેક્સ ક્રેડીટના dataને GST પોર્ટલ મુજબના Auto drafted એન્યુઅલ રીટર્ન GSTR 9 સાથે ટેલી (વેરીફાઈ) કરવા હિતાવહ છે. જો Autodrafted GSTR 9નો ડેટા હિસાબી ચોપડા મુજબ મળી રહેતો હોય અને ઓકે હોય તો જ... નોટીફીકેશન નં.૪૭ મુજબ વાર્ષિક રીટર્ન GSTR 9 ફાઈલના કરીએ તો ચાલે એવું અમારું મંતવ્ય છે.



**ધર્મેશ એન. પરમાર**
ટેક્સ કન્સલટન્ટ જુનાગઢ

નીચે જણાવેલ અમુક કિસ્સામાં આપનું turnover ભલે ૨ કરોડથી ઓછું હોય છતાં due date પહેલા વાર્ષિક રીટર્ન GSTR 9 file કરવું અત્યંત જરૂરી છે. વર્ષ ૨૦૧૭-૧૮ કે ૧૮-૧૯ને લગતા સુધારા વધારા કરેલ હોય - ammendment / addition કરેલ હોય-GSTR 1માં પછીના વર્ષમાં ટ્રાન્ઝેક્શન/બીલ Add કરેલ હોય કે, Ammendment કરેલ હોય - GSTR 3Bમાં પછીના વર્ષમાં વેચાણ - ખરીદી, ભરવાપાત્ર ટેક્સ, કે ટેક્સ ક્રેડીટમાં વધારો કે ઘટાડો કરેલ હોય - વર્ષ દરમિયાન ક્લેઈમ કરેલ ITC અને GST પોર્ટલ મુજબની Autodrafted (GSTR 2A મુજબની) ITCમાં અસામાન્ય તફાવત આવતો હોય-વેચાણનું turnover કે ટેક્સ Liabilities GSTR 3Bમાં દર્શાવવાની જ રહી ગયેલ હોય અને તેને વાર્ષિક રીટર્નમાં ડીક્લેર કરવા માંગતા હોય-

ઉક્ત હકીકત ધ્યાને રાખતા આપ સૌ વાચક મિત્રો, ટેક્સ પેયર્સ કે જે GST કાયદા હેઠળ નોંધાયેલા છે તેમને વિનંતી છે કે હાલ ના તબક્કે જો આપનું વર્ષ ૨૦૧૭-૧૮ (૦૧-૦૭-૧૭ થી ૩૧-૦૩-૧૮) વાર્ષિક રીટર્ન GSTR 9 હજુ સુધી file કરેલ ના હોય અને આપના ધંધાના books of Account પ્રમાણેના સપ્લાઈ-ખરીદ વેચાણ તેમજ GST આઉટપુટ લાયેબીલીટીઝ-તેમજ એલીજીબલ ટેક્સ ક્રેડીટના ફીગર્સને GST પોર્ટલ મુજબના Auto drafted એન્યુઅલ રીટર્ન GSTR 9 સાથે ટેલી (વેરીફાઈ) કરેલ ના હોય તો આ બાબતે ગંભીરતા રાખી આપના હિસાબનીશ કે ટેક્સ કન્સલ્ટન્ટનો સંપર્ક કરી આ અંગેનું વર્ક આઉટ વાર્ષિક રીટર્ન ફાઈલ કરવાની ડ્યુ ડેટ પહેલા કરી લેવું હિતાવહ છે. જેથી જો કોઈ સુધારો વધારો કરવો જરૂરી હોય તો તે વાર્ષિક રીટર્ન માં ડીક્લેર કરી રીટર્ન ફાઈલ થઈ શકે.

GST વાર્ષિક રીટર્ન ફાઈલિંગ અન્વયે ઉક્ત હકીકત દરેક ટેક્સ પેયર્સએ /વાચક મિત્રો કે જે GSTમાં Registered છે તેમણે ધ્યાને રાખવી ખુબજ જરૂરી છે. ત્યારબાદ જ પોતાનું પેઢી નું વર્ષ ૧૭-૧૮ તેમજ ૧૮-૧૯નું એન્યુઅલ GST રીટર્ન (૨ કરોડથી ઓછું એગ્રીગેટ turnover હોય છતાં) ફાઈલ કરવું કે નહિ તે અંગે નિર્ણય લેવો હિતાવહ છે તેવું મારું મંતવ્ય છે.

(એડિટર નોંધઃ લેખકના વિચારો થી તેટલા પ્રમાણમાં અલગ પડીશ કે જે રિટર્ન ઓટો પોપ્યુલેટેડ છે તેને ફાઇનલ ગણી ને આકારણી થઈ શકે નહીં. જો વાર્ષિક રિટર્ન કોઈએ ના ભર્યું હોય તો તેઓની આકારણી ધંધાકીય ચોપડા મુજબ થાય તેવો મારો મત છે. હા, પણ કોઈ અધિકારી લેખકના મત પ્રમાણે આ જોગવાઈનું અર્થઘટન કરે તો નવાઈ નથી)

## ઉના વકીલ મંડળની પ્રથમ કારોબારીમાં કરવામાં આવી હોદેદારોની વરણી



ઉના, તા. ૦૭.૦૧.૨૦૨૦: ઉના વકીલ મંડળ (ઉના બાર એશોશીએશન) ની તાજેતર માં યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ તરીકે પ્રેમજીભાઈ બારૈયા ચૂંટાઈ ને આવ્યા હતા. પ્રમુખ ઉપરાંત કારોબારી સભ્યો ની ચૂંટણી માં ૧૪ સભ્યો ચૂંટાઈ ને આવ્યા હતા. ઉના વકીલ મંડળ ની પ્રથમ કારોબારી મિટિંગ આજરોજ તા.૦૭ જાન્યુઆરીના રોજ મળી હતી. આ મિટિંગમાં કારોબારી સમિતિ ના હોદેદારો ની નિમણુંક કરવામાં આવેલ હતી. ઉના વકીલ મંડળની કારોબારીમાં નીચે મજબ ના હોદેદારોની પ્રસ્તાવના પ્રમુખ પ્રેમજીભાઈ બારૈયાએ કરતા તમામ હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઉપપ્રમુખ: | દિવ્યરાજ સિંહ ચુડાસમા |
| સેક્રેટરી: | કમલભાઈ પડશાળા |
| જોઈન્ટ સેક્રેટરી: | ભવ્યભાઈ ડી પોપટ |
| ખજાનચી: | નિલેશભાઈ ડાભી |
| સહ ખજાનચી: | પરીક્ષિતભાઈ ડોબરીયા |
| લાઈબ્રેરિયન: | હરેશભાઈ બામણીયા તથા રશ્મિબેન એન જોશી |
| પ્રોગ્રામ ઓર્ગેનાઇઝર: | વિમલભાઈ એન બ્રહ્મભટ્ટ તથા પ્રણવભાઈ ભટ્ટ તથા પ્રશાંતભાઈ વી સોલંકી |
| શિસ્ત કમીટી: | વિમલભાઈ દેસાઈ તથા હિતેષભાઈ એમ દુધાત |

ઉના વકીલ મંડળના નવનયુક્ત હોદેદારોને ખાસ અભિનંદન પાઠવ્યા બાદ પ્રમુખ પ્રેમજીભાઈ બારૈયાએ તમામ હોદેદારો તથા કારોબારી સભ્યોને વકીલ મંડળના હિતમાં સક્રિય રીતે ફરજ બજાવવા અપીલ કરી હતી.

(બ્યુરો રિપોર્ટ ટેક્સ ટુડે)

## ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટીશનર્સ.....

(અનુસંધાન પાના ૧થી શરૂ)

૨૦૨૦ ૨૧ માટે ઝોનલ વાઇસ પ્રેસીડંટ તરીકે મુંબઈના પ્રવીણ શાહ ની નિમણૂંક કરવામાં આવેલ છે.

પ્રેસિડન્ટઃ ........................એડવોકેટ ભાષ્કર પટેલ- બરોડા
વાઇસ પ્રેસીડન્ટઃ .................એડવોકેટ પ્રવીણ આર. શાહ-મુંબઈ
ઉપ પ્રમુખ-સ્ટેટ ...................CA કમલેશ સાબુ-મુંબઈ
ઝોનલ સેક્રેટરીઃ ....................એડવોકેટ કુંતલ પરિખ-અમદાવાદ
ઝોનલ જોઇન્ટ સેક્રેટરીઃ ..........CA હેમંત પરબ-મુંબઈ
ઝોનલ જોઇન્ટ સેક્રેટરીઃ ..........એડવોકેટ ભવ્ય પોપટ-ઉના
ટ્રેઝરરઃ ..........................CA ચિંતન જોશી-બરોડા
જોઇન્ટ ટ્રેઝરરઃ ..................એડવોકેટ અશ્વિન આચાર્ય-મુંબઈ

PAN-આધાર લિંક કરવા માટે ની મુદત ૩૧-૧૨-૧૯થી વધારી ૩૧ માર્ચ ૨૦૨૦ કરવામાં આવી આધાર કાર્ડ સાથે PAN કાર્ડ લિન્ક કરાવવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૧૯ હતી. CBDT દ્વારા નોટિફિકેશન ૧૦૭, તા. ૩૧-૧૨-૨૦૧૯ બહાર પડી આ મુદતને ૩૧-૦૩-૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે.

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.

# આવકવેરા કાયદા હેઠળ રોકડ વ્યવહાર પરના નિયંત્રણો...



ધવલ એચ.પટવા
એડવોકેટ, સુરત

**અ**ર્થતંત્રમાંથી કાળું નાણું દૂર થાય અને રોજિંદા વ્યવહારમાં રોકડ લેવડદેવડનું પ્રમાણ ઓછું થાય તે માટે સરકાર દ્વારા આવકવેરા કાયદામાં રોકડ વ્યવહાર પર અવારનવાર અનેક પ્રકારના નિયંત્રણો મૂકવામાં આવે છે જે પૈકી રોજિંદા જીવનમાં જાણવા જરૂરી કેટલાક મહત્વનાં નિયંત્રણો અંગે અહીં સમજ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ધંધાકીય ખર્ચ અંગે

આવકવેરા કાયદાની કલમ ૪૦એ(૩) મુજબ જ્યારે કોઈ કરદાતાએવો કોઈ ધંધાકીય ખર્ચ કે જે અન્ય જોગવાઈ મુજબ ધંધા/વ્યવસાયની આવકમાંથી બાદ મળવાપાત્ર હોય અને તેની ચુકવણી કોઈ એક દિવસે કોઈ એક વ્યક્તિને રૂ. ૧૦,૦૦૦/- (આ.વ. ૨૦૧૭-૧૮ સુધી રૂ.૨૦,૦૦૦/-)થી વધુ રકમની રોકડ સ્વરૂપે કરે તો તે ધંધાકીય ખર્ચ બાદ મળવાપાત્ર રહેશે નહીં. આ ખર્ચમાં ધંધાકીય ખરીદીનો પણ સમાવેશ થતો હોઈ ખરીદી પણ રૂ. ૧૦,૦૦૦/-થી વધુ રકમની રોકડમાં કરી હોય તો બાદ મળવાપાત્ર રહેશે નહીં. દા.ત. રૂ.૧૩,૦૦૦/-ની ખરીદીના કોઈ બિલ પેટે એક જ દિવસે એક જ વ્યક્તિને રોકડમાં રૂ.૮,૦૦૦/- અને રૂ. ૫,૦૦૦/-ની ચુકવણી કરવામાં આવે તો તે પૂરો ખર્ચો નફામાંથી બાદ મળવાપાત્ર નથી પરંતુ રૂ.૮,૦૦૦/-ની રોકડ ચુકવણી કર્યા બાદ બાકીના રૂ. ૫,૦૦૦/-ની ચુકવણી જો એકાઉન્ટ પેયી ચેક કે એકાઉન્ટ પેયી બેંક ડ્રાફ્ટથી કરવામાં આવે તો સમગ્ર રકમ ખર્ચા તરીકે બાદ મળવાપાત્ર થશે. જો કે નાણાંકીય ધારા ૨૦૦૯થી તા.૦૧/૧૦/૨૦૦૯ના રોજથી અમલી બને તેમ કરવામાં આવેલ સુધારા મુજબ આવી ચુકવણી જો ટ્રાન્સપોર્ટરને કરવામાં આવી હોય તો તેને માટે રૂ.૩૫,૦૦૦/-ની મર્યાદા ધ્યાને લેવાની રહેશે.

(**એડિટર નોંધઃ** 44AD, 44ADA વી. જેવી પ્રિસ્મ્પટિવ ટેક્સેશન હેઠળ આવક દર્શાવતા કરદાતાને આ નિયમ લાગુ પડે નહીં)

## સ્થાવર મિલકત અંગે

તા. ૦૧/૦૬/૧૫થી કરવામાં આવેલા સુધારા અનુસાર આવકવેરા કાયદાની કલમ ૨૬૯ એસએસ મુજબ સ્થાવર મિલકત વેચનાર વ્યક્તિ મિલકત વેચાણના અવેજ પેટે રૂ.૨૦,૦૦૦/- કે તેથી વધુ રકમ રોકડ સ્વરૂપે સ્વીકારી શકશે નહીં, જો સ્વીકારે તો જેટલી રકમ રોકડ સ્વરૂપે સ્વીકારી હોય તેટલી જ રકમનો દંડ ભરવાની જોગવાઈ કરવામાં આવી છે.

તે જ પ્રમાણે મિલકત વેચાણની સમજુતી રદ થાય તો અવેજ પેટે મળેલ રકમની પરત ચુકવણી પણ જો રૂ.૨૦,૦૦૦/-થી વધુ હોય તો કલમ ૨૬૯ ટી મુજબ રોકડ સ્વરૂપે કરી શકાશે નહીં . જો પરત ચુકવણી રૂ. ૨૦,૦૦૦/- થી વધુ હોય અને રોકડ સ્વરૂપે કરવામાં આવે તો જેટલી ચુકવણી રોકડમાં કરવામાં આવી હોય તેટલી જ રકમનો દંડ ભરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(એડિટર નોંધઃ જ્યારે લોન લેનાર તથા લોન આપનાર અથવા મિલકત બંને રકમ મેળવનાર તથા ચૂકવનર ની આવક નો સ્ત્રોત માત્ર ખેતી ની આવક હોય, તેમને આ નિયમ લાગુ પડે નહીં)

## લોન/એડવાન્સ સ્વીકારવા તથા પરત આપવા અંગે

આવકવેરા કાયદાની કલમ ૨૬૯ એસએસ મુજબ કોઈપણ કરદાતા કોઈપણ વ્યક્તિ પાસેથી નાણાંકીય વર્ષ દરમ્યાન રૂ.૨૦,૦૦૦/- થી વધુ રકમ રોકડ સ્વરૂપે લોન કે એડવાન્સ તરીકે લઈ શકશે નહીં.

તે જ પ્રમાણે કલમ ૨૬૯ ટી મુજબ કોઈપણ વ્યક્તિ લોન કે એડવાન્સ તરીકે લીધેલ રૂ.૨૦,૦૦૦/- થી વધુ રકમની પરત ચુકવણી રોકડ સ્વરૂપે કરી શકશે નહીં.

જો ઉપરની જોગવાઈનો ભંગ કરવામાં આવે તો કલમ ૨૭૧ ડી/૨૭૧ઈ મુજબ જેટલી રકમ લોન/ડીપોઝીટ તરીકે સ્વીકારેલ હોય કે પરત કરેલ હોય તેટલી જ રકમના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

જો કે કલમ ૨૬૯ એસએસ તથા કલમ ૨૬૯ટીની જોગવાઈઓ -

- સરકારને
- બેન્કિંગ કંપનીને
- સરકારી સંસ્થાને તથા
- કેન્દ્ર સરકાર દઘારા ઠરાવવામાં આવે તેવી વ્યક્તિઓને લાગુ પડતી નથી.

(**એડિટર નોંધઃ** જ્યારે લોન લેનાર તથા લોન આપનાર અથવા મિલકત બંને રકમ મેળવનાર તથા ચૂકવનર ની આવક નો સ્ત્રોત માત્ર ખેતી ની આવક હોય, તેમને આ નિયમ લાગુ પડે નહીં)

## કોઈ પણ વ્યવહારમાં રોકડ સ્વીકારવા અંગે



તા.૦૧/૦૪/૧૭ના રોજથી અમલી બનાવવામાં આવેલ આવકવેરા કાયદાની કલમ ૨૬૯ એસટી મુજબ કોઈપણ વ્યક્તિ-

- કોઈ વ્યક્તિ પાસેથી કોઈ એક દિવસ દરમ્યાન (અલગ અલગ બિલો હોય તો પણ )
- કોઈ એક વ્યવહાર પેટે (અલગ અલગ દિવસ હોવા છતાં)
- કોઈ એક પ્રસંગ સંબંધિત વ્યવહાર પેટે રૂા.૨,૦૦,૦૦૦/- કે તેથી વધુ રોકડ સ્વીકારી શકશે નહીં. દા.ત. એક કોન્ટ્રાક્ટરે લગ્નપ્રસંગ નિમિત્તે કેટરિંગ, સજાવટ તથા અન્ય અલગ અલગ ખર્ચા અંગે રૂા.૩,૦૦,૦૦૦/-નો એક જ કોન્ટ્રાક્ટ રાખેલ હોઈ તો -
- તે જેની સાથે કોન્ટ્રાક્ટ થયેલ હોઈ તે વ્યક્તિ પાસેથી એક દિવસ દરમ્યાન (કેટરિંગ, સજાવટ તથા અન્ય ખર્ચાના અલગ અલગ બિલો હોય તો પણ)
- આ કોન્ટ્રાક્ટ અંગે અલગ અલગ ખર્ચા પેટે અલગ અલગ દિવસે ચુકવણી હોઈ તો પણ
- લગ્નપ્રસંગનો એક જ વ્યવહાર હોઈ કેટરિંગના રૂા.૧,૫૦,૦૦૦/-, સજાવટના રૂા.૧,૦૦,૦૦૦/- તથા અન્ય ખર્ચાના રૂા.૫૦,૦૦૦/- મળી રૂા.૩,૦૦,૦૦૦/-ની ચૂકવણી રોકડ સિવાય એટલે કે એકાઉન્ટ પેયી ચેક કે એકાઉન્ટ પેયી બેંક ડ્રાફ્ટ કે ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સિસ્ટમ મારફત બેંક દ્વારા અથવા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા ઈલેક્ટ્રોનિક માધ્યમ મારફત જ મેળવવાની રહેશે.

જો આ જોગવાઈનો ભંગ કરવામાં આવે તો કલમ ૨૭૧ડીએ મુજબ જેટલી રકમ રોકડ સ્વરૂપે સ્વીકારવામાં આવી હોય તેટલી રકમનો દંડ થઈ શકશે. તા.૦૫/૦૪/૧૭ના નોટીફીકેશન નં. SO1057 (E) મુજબ બેંક, કો.ઓ. બેંક કે પોસ્ટ ઓફીસ સેવિંગ્સ એકાઉન્ટમાંથી રોકડ ઉપાડને ઉપરોક્ત જોગવાઈમાંથી બાકાત રાખવામાં આવેલ છે.

## રૂા.૫૦ કરોડથી વધુ ઉથલો ધરાવતી પેઢી અંગે

હાલમાં જ તા.૦૧/૧૧/૧૯નાં રોજથી દાખલ કરવામાં આવેલ કલમ ૨૬૯ એસયુ મુજબ દરેક વ્યક્તિ જેના ધંધાનું કુલ ટર્નઓવર / રીસીપ્ટસ પાછલા વર્ષમાં રૂ. ૫૦ કરોડથી વધુ હોય તો તેણે કોઈપણ ચુકવણી સ્વીકારવા માટે નિર્દિષ્ટ ઈલેક્ટ્રોનિક માધ્યમ સહીત અન્ય ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ચુકવણીસ્વીકારવા (રોકડ રહિત ચુકવણી) ની વ્યવસ્થા કરવી પડશે. જો આવી સગવડ પૂરી પાડવામાં નિષ્ફળ જાય અને કોઈ વાજબી કારણ ન હોય તો કલમ ૨૯૧ ડીબી મુજબ જ્યાં સુધી આવી સુવિધા ઊભી કરવામાં ન આવે ત્યાં સુધી રોજના રૂ.૫૦૦૦/- લેખે દંડ ભરવાની જવાબદારી ઉભી થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તા.૦૧/૧૧/૧૯નાં રોજથી દાખલ કરવામાં આવેલ આ જોગવાઈ અંગે કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમ નિર્દિષ્ટ કરવામાં આવેલ ના હોઈ વ્યવહારિક રીતે તેનો અમલ શક્ય ન હતો પરંતુ હાલમાં જ તા.૩૦/૧૨/૧૯ના રોજ બહાર પાડવામાં આવેલ નોટીફીકેશન નં.૧૦૫/૨૦૧૯ મુજબ નીચેના ત્રણ માધ્યમો ઈલેક્ટ્રોનિક માધ્યમ તરીકે નિર્દિષ્ટ કરવામાં આવેલ છે જેનો અમલ તા.૦૧/૦૧/૨૦ના રોજથી કરવાનો રહેશે;

- રૂ પે સંચાલિત ડેબીટ કાર્ડ
- યુનીફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI)
- યુનીફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ ક્વીક રિસ્પોન્સ મોડ (UPI QR CODE) (BHIM UPI QR CODE)

એટલે કે હવે ઉપરોક્ત ત્રણ માધ્યમો મારફત ચૂકવણી સ્વીકારવાની વ્યવસ્થા તા.૩૧/૦૧/૨૦ સુધીમાં ઉપર જણાવેલ વ્યક્તિએ કરવાની રહેશે અન્યથા તા.૦૧/૦૨/૨૦ના રોજથી કલમ ૨૯૧ડીબી મુજબ જ્યાં સુધી આવી સુવિધા ઊભી કરવામાં ન આવે ત્યાં સુધી રોજના રૂ.૫૦૦૦/- લેખે દંડ ભરવાની જવાબદારી ઉભી થશે.

## માન્ય સંસ્થાઓને આપવામાં આવતા દાન અંગે

જ્યારે આવકવેરા કાયદાની કલમ ૮૦જી હેઠળ બાદ માળવાપાત્ર માન્ય સંસ્થાઓને દાન આપવામાં આવે ત્યારે જો રોકડ દાનની રકમ રૂા. ૨૦૦૦/- (નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ સુધી રૂ.૧૦,૦૦૦/-) કરતાં વધુ હોય તો તે બાદ મળવાપાત્ર નથી.

## મેડીકલેઈમ પ્રીમીયમની ચુકવણી

જો મેડીકલેઈમ પ્રીમીયમની ચુકવણી રોકડમાં કરવામાં આવે તો તે આવકવેરા કાયદાની કલમ ૮૦ડી અન્વયે બાદ માળવાપાત્ર નથી.

આમ, રોકડ વ્યવહારો કરતી વખતે ઉપરની તમામ જોગવાઈઓને ધ્યાનમાં રાખવી જરૂરી છે અન્યથા દંડની જોગવાઈઓનો સામનો કરવાની પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે.

## બજેટ ૨૦૨૦: શું અપેક્ષાઓ છે...

(અનુસંધાન પાના ૪થી શરૂ)

નાણાકીય વર્ષ એપ્રિલથી માર્ચને બદલે જાન્યુઆરીથી ડિસેમ્બર તાતી જરૂર છે.

કલ્પેશ રૂપારેલીયા
ટેક્સ એડવોકેટ, કારોબારી સભ્ય–ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટીશનર્સ–(WZ) જુનાગઢ



હું અપેક્ષા રાખું છું કે ઈન્કમ ટેક્સ કલમ ૮૦Cની લિમિટ ૧૫૦૦૦૦/-થી વધારીને ૨૫૦૦૦૦/- કરી આપવામાં આવે. ઈન્કમ ટેક્સની કલમ ૧૧૫ BBEની જોગવાઈ અસહ્ય હોય દૂર થવી જોઈએ. ઈન્કમ ટેક્સ હેઠળ ૫૦૦૦૦૦/- થી ૧૦૦૦૦૦૦/-ના સ્લેબ માટે ૧૦% દર હોવો જોઈએ.

ઈન્કમ ટેક્સ તથા જી.એસ.ટી.માં વારંવાર કરવામાં આવતા નિયમો તથા સિસ્ટમમાં ફેરફારો અટકાવવા જોઈએ.

ઈન્કમ ટેક્સના રિવાઈઝ રિટર્ન માટેની સમય મર્યાદા વધારવી જોઈએ.

ઈન્કમ ટેક્સ હેઠળ ફેસલેસ, જયુરીસડિક્ષન લેસ ઈ-એસેસમેન્ટ યોજના તબક્કાવાર ૩ સ્ટેપમાં એટલે કે પહેલા કોર્પોરેટ કરદાતાઓ માટે, ત્યારબાદ હાયર ઈન્કમ કરદાતા અને ત્યારબાદ અન્ય કરદાતાઓ માટે લાગુ કરવામાં આવે.

ઈન્કમ ટેક્સ કાયદામાં ૧૪૧(૧)નું ઈંટીમેશન મળ્યા બાદ જ એડજેસ્ટમેંટ કરવામાં આવે તેવી અપેક્ષા.

# બજેટ ૨૦૨૦: શું અપેક્ષાઓ છે ટેક્સ પ્રોફેશનલ્સની????

તા.૧૫.૦૧.૨૦૨૦: ટેક્સ ટુડે ન્યૂઝ પોર્ટલ એ ટેક્સ ને સલગ્ન સમાચાર, આર્ટિકલ કવર કરતું ન્યૂઝ પોર્ટલ છે. નાણાંમંત્રી નિર્મલા સિથારમણ મોદી સરકાર-૨નું તથા પોતાનું પ્રથમ પૂર્ણકાલીન બજેટ ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રજૂ કરશે. આ બજેટમાં ધીમા પડતાં અર્થતંત્રને ફરી વેગવંતુ બનાવવા ઘણી રાહતકારક જોગવાઈ હશે તેવું ચોક્કસ મનાઈ રહ્યું છે. બજેટ વિષે શું છે સામાન્ય લોકોમાં અપેક્ષાઓ એ અંગેના લેખ મોટા ભાગના અખબારોમાં લેવામાં આવતા હોય છે. ટેક્સ ટુડે એક ટેક્સ અંગેનું 'ડેડીકેટેડ' અખબાર હોવાથી અમો માનીએ છીએ કે સામાન્ય લોકો કરતાં 'ટેક્સ પ્રોફેશનલ્સ' બજેટમાં શું શું સુધારા જરૂરી છે તે અંગે વધુ સારી રીતે અપેક્ષાઓ વર્ણવી શકે. તો આવો જાણીએ શું છે અપેક્ષાઓ ગુજરાતભરના જાણીતા ટેક્સ પ્રોફેશનલ્સની......

## ભવ્ય પોપટ
**ટેક્સ એડવોકેટ, એડિટર-ટેક્સ ટુડે, ઉના**



બજેટ ૨૦૨૦ એ ઘણી બાબતોએ ખાસ રહેશે એવું હું માનું છું. કોર્પોરેટ ટેક્સમાં કપાત કરવામાં આવેલ છે. ત્યારે હું ચોક્કસ અપેક્ષા રાખીશ કે આ બજેટમાં ભાગીદારી પેઢી, વ્યક્તિગત કરદાતા તથા અન્ય કરદાતાઓ માટેના મહતમ આવકવેરા દરને ૩૦% માંથી ઘટાડી ૨૫% કરવામાં આવે તેવી મારી અપેક્ષા છે. આ ઉપરાંત ૫ લાખ ઉપર અને ૧૦ લાખ સુધી જે દર ૨૦% છે તે ૧૦% કરી દેવામાં આવે તો કરદાતાઓની ખર્ચ કરવાની શક્તિમાં વધારો થશે જે એકંદરે અર્થતંત્ર માટે મહત્વનું સાબિત થશે. નોકરી કરતાં કરદાતાઓને ખુશ કરવા સ્ટાન્ડર્ડ ડિડકશન ૫૦૦૦૦થી વધારી ૭૫૦૦૦ કે ૧૦૦૦૦૦ કરી દેવા માં આવે તેવી મારી અપેક્ષા છે. આ ઉપરાંત 'પ્રોફેશનલ્સ'ને સંબંધિત ઈન્કમટેક્સ કાયદાની કલમ ૪૪ADAનો લાભ લેવાની રિસીપ્ટની મહતમ મર્યાદા વધારી ૭૫ લાખ કે ૧ કરોડ કરી દેવામાં આવે તેવી પણ અપક્ષા. જી.એસ.ટી. ક્ષેત્રે નવા રિટર્નની સિસ્ટમમાં મૂળભૂત ફેરફાર થાય અને ઈન્પુટ ટેક્સ ક્રેડિટનું મેચિંગ જે હાલ 'ફ્રન્ટ એન્ડ' કરવાની જોગવાઈ છે તે 'બેક એન્ડ' મેચિંગ થાય તે કરદાતાઓ માટે ખૂબ જરૂરી છે.

## ઉર્વીશ પટેલ
**પ્રમુખ, ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એશોશીએશન, અમદાવાદ**



આ બજેટ સત્રમાં જી.એસ.ટી. કાયદામાં જી.એસ.ટી. સર્ટીફીકેશનની (ઓડિટ) સત્તા CA ઉપરાંત એડવોકેટ તથા ટેક્સ પ્રેકટિશનરને પણ મળે તેવા સુધારાની અપક્ષા સેવું છું. અમારું એશોશીએશન એ બાબતે સતત પ્રયાસો કરી રહ્યું છે. આ ઉપરાંત બજેટમાં જી.એસ.ટી. ટ્રિબ્યુનલની સ્થાપના અંગે સ્પષ્ટતા થાય તે પણ જરૂરી છે. હાલ ઘણા કેસો આ ટ્રિબ્યુનલની સ્થાપના ના વાંકે પડી રહ્યા છે. આ ઉપરાંત જી.એસ.ટી. કાયદો નવો હોય સમજવો મુશ્કેલ હોય, પોર્ટલની પોતાની ખામીઓ હોય, જી.એસ.ટી. હેઠળ રિટર્ન મોડા ભરવાના કારણે જે લેઈટ ફી ઉઘરાવવામાં આવેલ છે તે રેમિટ કરવાની જાહેરાત કરવામાં આવે તેવી અપેક્ષા સેવું છું.

## સમીર તેજુરા
**ટેક્સ એડવોકેટ, રિપોર્ટર ટેક્સ ટુડે, પોરબંદર**



માનનીય નાણાંમંત્રી, એક કરવેરા સલાહકાર તરીકે અમારી આપની પાસેથી જી.એસ.ટી. કાયદા બાબતે ખૂબજ અપેક્ષાઓ છે. ખાસ કરીને જી.એસ.ટી. રિટર્ન સિમ્પ્લિફીકેશન, જી.એસ.ટી. પોર્ટલ કેપેસિટી એનહેંસમેંટ વગેરે છે. આ ઉપરાંત જી.એસ.ટી.ના સ્લેબમાં એકજ દર આવે તે વધુ ઇચ્છનીય છે. કંપોઝીશન સ્કીમમાં પણ એકજ દર હોવો જોઈએ. કાયદો વધુ સરળ થાય તે પણ જરૂરી છે. RCMની જોગવાઈ દૂર કરવામાં આવે તે સૌથી વધુ જરૂરી બાબત છે. આમ થવાથી લોકો સ્વેચ્છાએ ટેક્સ આપશે અને રાષ્ટ્ર ઘડતર માટે યોગદાન કરશે.

## DIVYESH SODHA
**Chartered Accountant, Special Corrospondent, Tax Today, Porbandar**



In General Expectations Bring provision to penalize officers who acts wrongfully or passes orders without application of mind and harasses assesee or tax payers

**Goods and Service Tax**

- Allow composition dealer to do business through e commerce.
- Remove compulsory registration requirement for transaction through e commerce.
- For retail traders allow invoicing inclusive of G.S.T.
- Penalty in all cases should be maximum up to amount of G S T evaded.
- The tax payer should be subject to any one proceedings only i.e. either assessment or audit and not both. This will create a atmosphere of confidence within tax payers.
- Appellate tribunal to be put to work immediately.

**Income tax**

- Remove late filing fees for ITR
- Due dates for unaudited cases 31st August and for audited cases 31st October.

## લલિત ગણાત્રા
**ટેક્સ એડવોકેટ, રિપોર્ટર-ટેક્સ ટુડે, જેતપુર**



ફેબ્રુઆરી ૧ એ રજૂ થનાર બજેટમાં એક ટેક્ષના સલાહકાર તરીકે આપણને બને ડાયરેક અને ઈન્ડાયરેક એમ બને એકટમા ફેરફાર થશે એવી અપેક્ષાઓ સ્વાભાવીક હોય છે. ઈન્ડાયરેક ટેક્ષમા મારા જેવા ઘણા ટેક્ષના સલાહકાર ને જી.એસ.ટી.મા નવી દાખલ થયેલ ૩૬(૪)ના નિયમ અને નવા આવી રહેલ રીટર્ન કાયમ માટે વીડ્રો થાય એવી અપેક્ષાઓ છે. પરંતુ જીએસટીને લગતા દરેક ફેરફારો જી.એસ.ટી. કાઉન્સીલ ની ભલામણથી થઇ શકે એમ હોય બજેટમાં કશો ફેરફાર જી.એસ.ટી.ને લગતો આવી શકે નહી સીવાય કે બજેટ પહેલાં મળનારી જીએસટી કાઉન્સીલ ની મીટીંગમા આના માટે ભલામણ કરવામાં આવે. હવે જોવાનું એ રહે છે કે આવી ભલામણ જી.એસ.ટી. કાઉન્સીલ કરે છે કે નહી. ડાયરેક્ટર ટેક્ષમા વચ્ચગાળાના અનેક બજેટ આપી ઘણી જાહેરાતો નાણાંમંત્રી પહેલાંથી જ કરી ચૂક્યા છે. એટલે હવે ટેક્ષ મા એનાથી વધારે રાહત થાય એવી અપેક્ષા ઓ રાખવી વધારે પડતી છે. હા, હું ચોક્કસ માનું છું કે સંભવત કદાચ ટેક્ષના સ્લેબ જે હાલ ૨.૫ લાખ છે તે વધી શકે. હાલ ૫ લાખ સુધીની આવક વારાને રુ ૧૨૫૦૦ની ટેક્ષના રાહત છે પંરંતુ તેની ઉપરની આવક વારાને આ રાહત મળતી નથી. ૨.૫ની બેઝિક લીમીટ ફરવાથી ૫ લાખ ઉપરની આવક વાળાને ચોક્કસ ફાયદો થશે. તે ઉપરાંત બહુ જ ચર્ચામા રહેલ નાણાંકીય વર્ષ ફેરવાનો મુદ્દો પણ આ વખતે આ બજેટ મારફતે ધ્યાને લેવાશે આવું દેખાય રહ્યું છે.

## ભરત એલ. શેઠ
**વરિષ્ઠ વકીલ, સિનિયર વાઇસ પ્રેસિડંટ, ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ**



૨૦૨૦ના કેન્દ્રીય બજેટમાં મધ્યમ વર્ગને રાહત મળે તે માટે રૂપિયા ૫ લાખ સુધીની આવકને વેરા મુક્તિ મળે તેમજ પાંચ લાખ થી દસ લાખ સુધી ની આવક પર વેરાનો દર ૧૦% કરવાની જરૂર છે. કોર્પોરેટને વેરાના દરમાં રાહત આપેલ છે તે જ રીતે નાની ભાગીદારી પેઢીને પણ રાહત મળે તે માટે વેરાનો દર ૩૦% માંથી ઘટાડીને ૨૦ થી ૨૫% કરવાની જરૂર છે. મૂળ સ્થાનેથી વેરાની કપાત માટેની તમામ મર્યાદામાં જરૂરી ફેરફાર કરવાની જરૂર જણાય છે. Real estateને પ્રોત્સાહન મળે તે માટે હાઉસિંગ લોન વ્યાજની મર્યાદા દોઢ લાખથી વધારીને અઢી લાખ કરવાની જરૂર જણાય છે કલમ ૮૦C હેઠળની મર્યાદા પણ દોઢ લાખથી વધારીને અઢી લાખ કરવાની જરૂર જણાય છે. હાલની બજારની સ્થિતિ જોતા અર્થતંત્રને વેગ મળે તે માટે આવા જરૂરી પગલાં લેવા જોઈએ.

## નિરવ ઝીંઝુવાડીયા
**ટેક્સ કન્સલ્ટન્ટ, રિપોર્ટર ટેક્સ ટુડે, અમરેલી**



GST રીર્ટનની પધ્ધતી સરળ થવી જઇએ. અને નવા રીર્ટન પધ્ધતીમા ITC મેચીગની પ્રધ્ધતી રદ થવી જોઇએ. RCMની જોગવાઇ રદ થવી જોઇએ. જુના વર્ષમા ભરવાનો બાકી RCM વેપારી ભરી શકે અને તેની ક્રેડીટ મજરે મળી શકે તેવી જોગવાય ક્રવી જોઇએ. GST ઓડીટ કરવાની હાલ CA, CS તથા CWA પાસે છે જે ADVOCATE તથા TAX COUSULTANT પણ આપવી જોઇએ. તા.૧૧-૧૧-૨૦૧૯ના રોજ નવી આવેલ ૩૬(૪)ના નીયમને રદ કરવી જોઇએ. જે પ્રેક્ટીકલી શકય નથી. GSTR-10 રીર્ટન ભરવામા દંડી જોગવાય નાબુદ કરી પેન્ડીગ GSTR-10 ભરવા સમય મર્યાદા વધારવી જોઇએ. GST ના SERVERની CAPACITY વધારવી જોઇએ.

## ઈન્દુકુમાર બી. ઝીંઝુવાડીયા
**ટેક્સ કન્સલ્ટન્ટ, અમરેલી**



પાંચ લાખથી દશલાખની આવક ઉપર ૨૦%ના બદલે ૧૦%નો સ્લેબ થાય તેની અપેક્ષા છે. આડકતરી રીતે (INDIRECTLY) દરેક નાના ભાગીદારી ધંધો ચલાવનાર ભાગીદારી તેઢીને સી.એ. પાસે ટેક્ષ ઓડીટ કરવવાનુ ભારણ આવી ગયુ છે. ભાગીદારોને રેમ્યુનરેશન અને ઇન્ટરેસટ પ્રોફીટ જો ૮% ન થાય તો ઓડીટ કરાવવુ પડે આ સંજોગોમા વાર્ષીક ફક્ત પાચ લાખનુ ટર્નઓવર હોય તો પણ ટેક્ષ ઓડીટ કરાવવુ પડે તેવી જોગવાય નાબુદ કરવાની જરૂર છે. નાના વેપારીની ઓડીટ ફી તથા ડીજીટલ ફી નો ખર્ચ કરવો પડે છે. ઓડીટને પાત્ર ન હોઇ તેવા અને ઓડીટ પાત્ર હોઇ તેવા ઇન્કમટેક્સ રીર્ટન રજુ કરવાની ડ્યુ ડેટ માટે દરેક ટેક્સ કન્સલટન્ટ તથા સી.એ.ના એસોસીએશન સાથે વાટાઘાટ કરીને સર્વમાન્ય નિર્ણય લેવાની તાકીદની જરૂરીયાત છે. ઓનલાઇન ૨૬ ASની વિગત ૩૧મી મે પછી ૧૦થી ૧૫ જુને ચેક કરી શકાય છે. તે પેહલા રેર્ટન ફાઇલ થઇ શકાતા નથી. આવા સંજોગોમા તમામ રીર્ટન ૩૧મી જુલાઇ પેહલા ફાઇલ કરવા મુશ્કેલી બની જાય છે. ડ્યુ ડેટ ૩૧ જુલાઇ અને ૩૦મી સપ્ટેમ્બર બાબત ગંભીરતાથી વિચારવાની જરૂર છે. ચાલુ સાલ સ્ફુટીની ટેક્સની ટાઇમ બારીંગ ડેઇટ પણ ૩૦મી સપ્ટેમ્બર છે.

## હેમાંગ શાહ
**ટેક્સ એડવોકેટ, રિપોર્ટર ટેક્સ ટુડે, જુનાગઢ**



એક ટેક્સ એડવોકેટ તરીકે મારી સૌથી મોટી અપેક્ષા એ છે કે સરકાર જી.એસ.ટી. કાયદા હેઠળ જે પણ ફેરફારો કરવા ધારે, તે ફેરફારો ૦૧ એપ્રિલથી લાગુ કરવામાં આવે. વર્ષ દરમ્યાન જ્યારેને ત્યારે કરવામાં આવતા ફેરફારોના કારણે જી.એસ.ટી.ની અમલવારી હદ કરતાં વધુ મુશ્કેલ બની ગઈ છે તેવું હું માનું છું.

## હર્ષદકુમાર વી. ઓઝા
**ટેક્સ એડવોકેટ, ટેક્સ ટુડે રિપોર્ટર, મહેસાણા**



બજેટની અપેક્ષા કરતા બજેટની જરૂરિયાત કહી શકાય કે ઇન્કમટેક્સ કાયદા થકી આવકની સામે થતા ખર્ચા વાત કરતા નહિવત નેટ કે વાસ્તવિક આવક વધે છે આ જોતા ખરેખર ઇન્કમટેક્સ કાયદો રદ કરવો જોઈએ જો આમ કરવાથી કેન્દ્ર સરકારની કોઈ નુકસાન થતું હોય તો તે જીએસટી સેસના માધ્યમથી તે ભરપાઈ કરી શકે છે. ખરેખર આ અપેક્ષા નથી પરંતુ આજે નહિ તો કાલે તે અમલમાં આવશે જ તેમાં લેશ માત્ર શંકા નથી. તેમજ

(અનુસંધાન ત્રીજા પાને)

◆ Year: 4, ◆ Issue No.04, ◆ Continue Issue No.39, ◆ Date: 18/01/2020, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 10/-, ◆ Annual Subscription Rs.100/-
◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath.
◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.